# સબ રજીસ્ટ્રાર તથા બિલ્ડરો સહીત સાત સામે છેતરપીંડીની ફરીયાદ

## શુકન સાઈનમાં ફલેટ ખરીદનાર પાર્ટીનો દસ્તાવેજ રદ કરી નાંખ્યો...!

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર નજીક કોબા રોડ પર સ્થિત શુકન સાઈન ફલેટની સ્કીમમાં મકાન ખરીદ્યા બાદ એક પાર્ટીએ દસ્તાવેજ કરાવ્યો હતો. બિલ્ડરો તથા ગાંધીનગર સબ રજીસ્ટ્રારે મળીને ખોટા દસ્તાવેજો ઉભા કરી ફલેટ ખરીદનાર પાર્ટીનો દસ્તાવેજ જ રદ કરી નાંખતા સબ રજીસ્ટ્રાર તથા બિલ્ડરો સહિત સાત શખ્સો સામે ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવા પામી છે.

અમદાવાદ કુબેરનગર વિસ્તારમાં રહેતા અનીલભાઈ પ્રહલાદભાઈ પટેલે શુકન સાઈન ફલેટની સ્કીમમાં મકાન ખરીદીને તેનો દસ્તાવેજ કરાવ્યો હતો. ખોટા દસ્તાવેજો ઉભા કરીને બિલ્ડરો તથા સબ રજીસ્ટ્રારે મળીને તેનો દસ્તાવેજ રદ કરી નાંખી ચુનો ચોપડ્યો હોવાની વિગતો બહાર આવવા પામી છે. શુકન ગ્રુપમાં કરોડોનું ફુલેકુ ફેરવનાર શુકન કોર્પોરેશનના રમેશ રેવાભાઈ પટેલ તથા અન્ય બિલ્ડરો મહેશ ફકીરચંદ મહેતા, રાજીવ મહેશકુમાર મહેતા, રોનક મહેશકુમાર મહેતા, કિર્તી ફકીરચંદ મહેતા, ચિરાગ કિર્તીકુમાર મહેતા તથા ગાંધીનગર કલેકટર કચેરીમાં ફરજ બજાવનાર સબ રજીસ્ટ્રાર એચ.એસ. સુનારા મલીને સાત સામે ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં અનીલભાઈ પટેલે વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરીયાદ આપતા ઈન્ફોસીટી પી.આઈ. પી.બી. ચૌહાણે ગુનો દાખલ કરી ઊંડી તપાસ શરૂ કરી છે.

# બાલવા ચોકડી પરના સર્કલને મોટુ બનાવવા માંગ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર-માણસા હાઈવે પર આવેલ બાલવા ચોકડી પર સર્કલ મોટુ બનાવવા માંગ ઉઠવા પામી છે. નાના સર્કલના કારણે અવાર નવાર અકસ્માતોમાં નાગરિકો ભોગ બની રહ્યા છે તેમજ સર્કલ પર અનેક વાહન અકસ્માત સર્જે છે જેનાથી સરકારને આર્થિક નુકશાન થઈ રહ્યું છે. આજુ બાજુના ગામડાના નાગરિકોએ સર્કલ મોટું બનાવવા માંગ કરી છે.

ગાંધીનગરથી માણસા હાઈવે પર અંબાજી, મહેસાણા, વિસનગર, વડનગર જવા માટે ટ્રાફિક જામ ખૂબ જ હોય છે. હાઈવ વન-વે હોવાના કારણે અહીં અનેક અકસ્માતો પણ થઈ રહ્યા છે ત્યારે અકસ્માતો નિવારવા બાલવા ચોકડી પર બનાવેલ સર્કલને મોટું બનાવવા માંગ ઉઠવા પામી છે.

બાલવા ચોકડી પર બનેલ સર્કલ પ્રમાણમાં ખુબ જ નાનું છે. તેમજ રોડ પર સ્પીડ બ્રેકર ન હોવાના કારણે વાહનો પુરપાટ ઝડપે હંકારવામાં આવે છે ત્યારે બાલવા ચોકડી આજુબાજુના ચાંદીસણા, નાદરી, રામપુરા, પ્રતાપપુરા, ઈટલા ગામના રહીશોએ સર્કલને મોટું બનાવવા અને રોડની બંને બાજુ બમ્પ બનાવવા માંગ કરી છે.

# શ્રી શિવ મહાપુરાણ કથા સેકટર-૬માં યોજાશે

ગાંધીનગર, તા.૬

શ્રી શિવ મહાપુરાણા કથા આયોજન સમિતિ દ્વારા ગુજરાતના પ્રસિદ્ધ કથાકાર અને લોક સાહિત્યકાર પૂ. શ્રી કન્હૈયાલાલજી મહારાજની



વ્યાસપીઠ પરથી તા. ૧૦મી ફેબ્રુઆરીથી શિવ મહાપુરાણ કથા કલ્ચરલ ફોરમ ગરબા ગ્રાઉન્ડ સેકટર-૬માં યોજાશે.

આ કથાના સંગીતમય કવનની સાથે ૧૧ ફુટના શિવલીંગનાદર્શન થશે. કથામાં આવતા મુખ્ય પ્રસંગોની પાત્રો દ્વારા જીવંત રજુઆત, ધાન્યના શિવલીંગ, શિવ તાંડવ નૃત્ય, ૧૦૦૧ દિવડાની સમૂહ આરતી તથા સમુહ પુજા નૃત્ય આરતી સાથે યોજાશે.

કથાના મુખ્ય યજમાનશ્રી ધનજીભાઈ ગાલા, પ્રમુખશ્રી પલાઈ ગ્રુપ, શ્રી દિનેશભાઈ વ્યાસ, માનદ મેનેજીંગ ટ્રસ્ટી તથા અધ્યક્ષના અંગત સચિવ શ્રી અશ્વિનભાઈ શાહ ડાયરેકટર આન ફાર્મા પ્રા. લિ. પ્રવિણભાઈ કોટક, ચેરમેન ઈસ્કોન, મહંતશ્રી જગદીશગીરીજી ગુરુ, શ્રી કમાભાઈ રાઠોડ પૂર્વ ધારાસભ્ય તથા ટ્રસ્ટી બિરાજશે.

સપ્તાહ દરમિયાન દૈનિક કાર્યક્રમો યોજાશે. તા. ૯મીએ આનંદનો ગરબો, તા. ૧૦મીએ પોથી યાત્રા તથા દિપ પ્રાગટય થશે.

તા. ૧૧મીએ કથામાં શકિત પ્રાગટય, તા. ૧૨મીએ શિવ વિવાહ, તા. ૧૩મીએ કાર્તિકેય પ્રાગટય, તા. ૧૪મીએ શ્રી ગણેશ પ્રાગટય, તા. ૧૫મીએ ગંગાવતરણ તા. ૧૬મીએ શ્રી હનુમાનજી પ્રાગટય અને તા. ૧૭મીએ દ્વાદશ જયોર્તિલીંગ પ્રાગટયોત્સવ અને તા. ૧૮મીએ પૂર્ણાહુતિ યોજાશે.

પૂજયશ્રી કન્હૈયાલાલજી મહારાજની શિવ મહાપુરાણ કથાનો ધર્મપ્રેમી જનતાને લાભ લેવા જણાવેલ છે.



## સુઘડ ફાર્મ પાસે ડેકોરેશનના ગોડાઉનમાં આગ

**પ્લાસ્ટ ઈન્ડીયાને પગલે સર્જાયેલ ટ્રાફીકને કારણે ફાયરબ્રિગેડ ૨૫ મિનિટ મોડી પહોંચી : મોટા ભાગનો સામાન બળીને ખાખ**

ગાંધીનગર નજીક સુઘડ ગામની સીમમાં આવેલા સુઘડ ફાર્મની પાસે સ્થિત એક ડેકોરેશનના ગોડાઉનમાં સમી સાંજે અચાનક ભીષણ આગ લાગતા દોડધામ મચી જવા પામી હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડને કોલ મળતા જ ફાયર ઓફીસર મહેશ મોડ તથા તેમની ટીમ ઘટનાસ્થળે પહોંચવા રવાના થઈ ગઈ હતી. પરંતુ પ્લાસ્ટ ઈન્ડીયાથી સર્જાયેલા ભયંકર ટ્રાફીકને પગલે ફાયરબ્રિગેડ પણ ટ્રાફીકમાં ફસાઈ હતી અને ઘટના સ્થળે પહોંચતા ૨૫ મીનીટ વધુ લાગી હતી. જેને કારણે આગમાં ડેકોરેશનનો મોટા ભાગનો સામાન લપેટાઈને ખાખ થઈ જવા પામ્યો હતો. ફાયરબ્રિગેડની ટીમે ઘટનાસ્થળે પહોંચીને પાણીનો મારો ચલાવી આગને વધુ પ્રસરતા અટકાવી દીધી હતી અને આગ પર કાબુ મેળવી લીધો હતો. સદ્‌ભાગ્યે આ આગ દુર્ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી.

# સ્વાઈન ફલુ અટકાવવા જિલ્લા પંચાયત દ્વારા ઉકાળાનું વિતરણ

ગાંધીનગર, તા.૬

જિલ્લામાં સ્વાઈન ફલુના દર્દીઓ વધતા તંત્ર હરકતમાં આવી ગયું છે. અને ગાંધીનગર જિલ્લાને સ્વાઈન ફલુ મુકત કરવા કામે લાગી ગયું છે. આ ગંભીર રોગ વધુ ભોગ ન લે તે માટે આયુર્વેદના ઉકાળા આપવામાં આવી રહ્યા છે. જિલ્લા આયુર્વેદ કચેરી દ્વારા અત્યાર સુધી ૧૦૨૮૨ લાભાર્થીને ઉકાળા અને ૯૨૩૯ લાભાર્થીને દવાનું વિતરણ કરવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલુના દર્દીઓમાં વધારો જોવા મળી રહ્યો છે. વાઈરસના કારણે આ રોગ એક બીજાને લાગુ પડી રહ્યો છે ત્યારે ઈન્ફેકશન અટકાવી શકાય તે માટે રોગ પ્રતિકારક ઉકાળા અને દવાનું વિતરણ ગાંધીનગર જિલ્લામાં કરવાનું આયોજન કરાયું છે.

ગાંધીનગર જિલ્લામાં ગત તા. ૩જી થી તા. ૭મી ફેબ્રુઆરી દરમિયાન ઉકાળા સરકારી આયુર્વેદિક દવાખાને આપવામાં આવી રહ્યા છે ત્યારે આજ સુધી જિલ્લા પંચાયત સંચાલિત આયુર્વેદ શાખા દ્વારા ૧૦૨૮૨ ઉકાળા લાભાર્થીઓને આપવામાં આવ્યા છે. તેમજ ૯૨૩૯ લાભાર્થીઓને દવાનું વિતરણ કરવામાં આવ્યું છે. વધુમાં વધુ લાભાર્થીઓ ઉકાળાનો લાભ લઈ સ્વાઈન ફલુથી મુકત રહે તે માટે સવારે ૯ કલાકથી ઉકાળાનું વિતરણ કરવામાં આવે છે.

| ક્રમ | દવાખાનાની વિગત |
|---|---|
| ૧ | સરકારી આયુર્વેદ દવાખાનું, પોર, તા. ગાંધીનગર |
| ૨ | સરકારી આયુર્વેદ દવાખાનું, જમીયતપુરા, તા. ગાંધીનગર |
| ૩ | સરકારી આયુર્વેદ દવાખાનું, સે-૭ |
| ૪ | સરકારી આયુર્વેદ દવાખાનું, સે-૨૯ |
| ૫ | સરકારી આયુર્વેદ દવાખાનું, અમીયાપુર, તા. ગાંધીનગર |
| ૬ | સરકારી આયુર્વેદ દવાખાનું,, ટીંટોડા, તા. ગાંધીનગર |
| ૭ | સીવીલ આયુર્વેદ, ઓપીડી, ગાંધીનગર |
| ૮ | જિલ્લા પંચાયત આયુર્વેદ દવાખાનું, કુડાસણ, તા. ગાંધીનગર |
| ૯ | જિલ્લા પંચાયત આયુર્વેદ દવાખાનું, સરઢવ, તા. ગાંધીનગર |
| ૧૦ | જિલ્લા પંચાયત આયુર્વેદ દવાખાનું, દોલા. વાસણા, તા. ગાંધીનગર |
| ૧૧ | જિલ્લા પંચાયત આયુર્વેદ દવાખાનું, મગોડી, તા. ગાંધીનગર |
| ૧૨ | સરકારી આયુર્વેદ દવાખાનું, રિદ્રોલ, તા. માણસા |
| ૧૩ | સરકારી આયુર્વેદ દવાખાનું, પરબતપુરા, તા. માણસા |
| ૧૪ | જિલ્લા પંચાયત આયુર્વેદ દવાખાનું, ઈસંડ, તા. કલોલ. |
| ૧૫ | સરકારી આયુર્વેદ દવાખાનું, કલોલ |
| ૧૬ | સરકારી આયુર્વેદ દવાખાનું, ખાનપુર, તા. દહેગામ |
| ૧૭ | સરકારી આયુર્વેદ દવાખાનું, પીંપળજ, તા. દહેગામ |

| ક્રમ | ગામનું નામ | તબીબી અધિકારીશ્રી |
|---|---|---|
| ૧૮ | દહેગામ, નહેરૂ ચોકડી | ડૉ. મીરા રાજગુરૂ, જિ.પ.આ.દ. મગોડી<br>ડૉ. એ.વાય. મુસાણી, સ.આ.દ. પીપળજ |
| ૧૯ | કલોલ, પંચવટી | ડૉ. યુ.જી. જોષી, જિ.પ.આ.દ. ઈસંડ<br>ડૉ. વર્ષાબેન ચૌધરી સ.આ.દ. કલોલ |
| ૨૦ | સે-૩-એ ગાંધીનગર | ડૉ. મમતા દેસાઈ મે.ઓ. સે-૭ ગાંધીનગર<br>ડૉ. ભાવેશ પટેલ સીવીલ ગાંધીનગર |
| ૨૧ | બહિયલ | ડૉ. વીણા મોલીયા સ.આ.દ. ખાનપુર<br>ડૉ. મહેશ દેસાઈ સ.હો.દ. કડજોદરા |
| ૨૨ | કુડાસણ | ડૉ. પીના જોષી સ.આ.દ. પોર<br>ડૉ. ભાવિકા પ્રજાપતિ સ.આ.દ. જમીયતપુરા |

## આજે રૂદ્રાભિષેક મંડળની બેઠક

ગાંધીનગર, તા. ૬

રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગરની મહાશિવરાત્રી પર્વને લઈને સામાન્ય સભા આજરોજ શનિવાર સાંજે ૪.૦૦ કલાકે સેક્ટર-૨૨ સ્થિત પંચદેવ મંદિર ખાતે યોજાશે. સભામાં સર્વે સભ્યોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# શહેરના પડતર પ્રશ્નો અંગે જાગૃત નાગરિક પરિષદમાં વિસ્તૃત ચર્ચા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની સભા તાજેતરમાં પ્રમુખશ્રી લવજીભાઈ વાડીઆના અધ્યક્ષસ્થાને મળી હતી. મહામંત્રીશ્રી નિરંજનભાઈ ઓઝાએ મીટીંગનું સંચાલન કરીને ગત બેઠકની કાર્યવાહીની જાણ કરી હતી.

સંસ્થાના કાર્યકર શ્રી હસમુખભાઈ ઠાકર દ્વારા આધાર કાર્ડ અંગેની માહિતી આપવામાં આવી હતી અને તે અંગે મદદકર્તા થવા શ્રી હસમુખભાઈને જવાબદારી સોંપવામાં આવી. શ્રી નિરંજનભાઈ ઓઝાને મીડીયાની કામગીરી સોંપવામાં આવી. ગાંધીનગરના જાગૃત-સક્રિય સેવાભાવી નાગરિકો-મહાનુભાવોનું સન્માન કરવાનું નક્કી કરવામાં આવ્યું. સરકારમાં રજુઆત કરેલ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા સુખ સુવિધાની કામગીરીની પ્રશંસા કરવામાં આવી. દબાણો અંગે અસંતોષ વ્યકત કરવામાં આવ્યો. પાટનગરને પ્લાસ્ટિક મુકત કરવા માટે કાપડની થેલીનો ઉપયોગ કરવા જાગૃતિ લાવવાની કાર્યવાહી કરવામાં આવશે. સીટીઝન ચાર્ટરના અમલ અંગેની ચર્ચા કરવામાં આવી. સંસ્થાના હિસાબો મંજુર કરવામાં આવ્યા. ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદના મહામંત્રીશ્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવેલ છે.

# ઉવારસદ આરોગ્ય કેન્દ્રની મુલાકાતે ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાના ઉવારસદ ગામના આરોગ્ય કેન્દ્રની આજરોજ શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ મુલાકાત લીધી હતી. મંત્રીશ્રીએ આરોગ્ય કેન્દ્રની સ્વચ્છતા અને સુવિધાઓ અંગેનું બારીકાઈથી નિરીક્ષણ કર્યુહતું. તે ઉપરાંત મંત્રીશ્રીએ ઉવારસદ ગામના પાદરે આવેલી કર્ણાવતી ડેન્ટલ હોસપિટલની પણ મુલાકાત લીધી હતી.



શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત આજરોજ ગાંધીનગરથી નજીક આવેલા ઉવારસદ ગામની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમ્યાન મંત્રીશ્રીએ ગામના આરોગ્ય કેન્દ્રના ઓપરેશન થીયેટર, મમતા દિવસ કેન્દ્ર, ફાર્માસીસ્ટ રૂમ, સર્ગભા બહેનોના ડીલિવરી રૂમ, પીવાના પાણીની સુવિધા અને શૌચાલયની સ્વચ્છતા અંગેનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ઉવારસદ ગામની રોગી કલ્યાણ સમિતિની કામગીરીની પણ માહિતી મેળવી હતી. તેમજ ગામની વસ્તી કેટલી છે, આરોગ્ય કેન્દ્રમાં નિયમિત ઓપીડી કેટલી રહે છે જેવી અનેક માહિતી પણ આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસર શ્રી ડૉ.સરોજનીબેન ચૌધરી પાસેથી મેળવી હતી.

મંત્રીશ્રીએ આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર શ્રી ડૉ.સરોજનીબેન ચૌધરીને ગામની મહિલાઓ અને દીકરીઓના હિમોગ્લોબીન ટેસ્ટ કરવા ભારપુર્વક જણાવ્યું હતું.

# લગનગાળામાં જ પરીક્ષાઓ શરૂ થતાં વિદ્યાર્થીઓ વિચલીત

## સામાજીક વ્યવહાર સાચવવા પ્રસંગોમાં સંતાનને ઘરે મુકીને જતાં વાલીઓ : શિક્ષણને પ્રાધાન્ય

ગાંધીનગર, તા. ૬

લગ્ન પ્રસંગોની ચાલી રહેલી ભરપુર સિઝન દરમ્યાન જ શાળાઓમાં પ્રિલીમનરી પરીક્ષાઓ પણ શરૂ થઈ છે. જેથી વિદ્યાર્થીઓમાં લગ્ન માણવાના ઓરતા અધુરા રહી જતાં વિચલિત થઈ ઉઠ્યા છે. તો બીજી તરફ સામાજીક વ્યવહાર સાચવવા વાલીઓ પોતાના સંતાનને પરીક્ષા માટે ઘરે મુકીને પ્રસંગોમાં હાજરી આપે છે. શિક્ષણ ક્ષેત્રે ચાલી રહેલી તીવ્ર પ્રતિસ્પર્ધામાં પોતાનું સંતાન પાછળ ન રહી જાય તેવા હેતુથી વાલીઓ શિક્ષણને પ્રાધાન્ય આપી રહ્યા છે. જો કે આ અંગે શિક્ષણ વિભાગ યોગ્ય માર્ગ અપનાવે તો અભ્યાસ અને પ્રસંગો પણ સચવાય તેવો મત વાલીઓ વ્યક્ત કરી રહ્યા છે.

રાજ્યમાં ગાંધીનગર સહિતની દરેક શાળાઓમાં પ્રિલીમનરી પરીક્ષા ૨ ફેબ્રુઆરીથી શરૂ થઈ ગઈ છે. જ્યારે મકરસંક્રાંતિ બાદ કમુર્હત પૂરાં થતાં દરેક સમાજમાં લગ્ન પ્રસંગોની વણઝાર પણ રહી છે. પરીક્ષાઓ દરમ્યાન જ ઘરમાંલગ્ન પત્રીકાઓનું આગમન થતાં વિદ્યાર્થીઓની હાજરીમાં જ વાલીઓ પ્રસંગમાં હાજરી અંગેનું ટાઈમટેબલ નક્કી કરતાં વિદ્યાર્થીઓના મન ખુબજ વિચલીત બન્યા છે. અંગત સંબંધો તથા કુટુંબીજનોના ત્યાં પ્રસંગમાં હાજરી ફરજ્યાત બનતા કેટલાક વાલીઓ કમને પણ સંતાનને ઘરે મુકીને જવુ મુનાસીબ માની રહ્યા છે. બાળ સહજ લગ્ન પ્રસંગની મજા માણવાને અભરખો હોવા છતાં શાળાની પરીક્ષા હોવાથી મનના ઓરતા મારીને પણ પરીક્ષા આપવી તે વિદ્યાર્થીઓની મજબુરી બની હોય તેવું લાગી રહ્યું છે.

અભ્યાસ અને શિક્ષણ ક્ષેત્રે ચાલી રહેલી તીવ્ર પ્રતિસ્પર્ધામાં પોતાનુંસંતાન પાછળ રહી ન જાય તેવું વાલીઓ સમજીને અભ્યાસને પ્રાધાન્ય આપી રહ્યા છે. જો કે પરીક્ષાઓની તૈયારીઓ કરતાં વિદ્યાર્થીઓ આજુબાજુ યોજાતાલગ્ન પ્રસંગો અને તેની ઝાકમઝોળથી અછુત રહી શકતા નથી તેમજ પ્રસંગમાં યોજાતા ગરબા,વરોડા વગેરેના તીવ્ર અવાજો તેમને ખલેલ પહોંચાડે છે. જેથી તેમનું મન વિચલિત થયા વગર રહેતુ નથી. ૧૨મી ફેબ્રુઆરી સુધી ચાલનારી પરીક્ષાઓ શાળાકક્ષાએથી લેવાતી હોવાથી ઘરમાં જ યોજાયેલા પ્રસંગે હાજર રહેવું આવશ્યક બનતાં સાબિતી રૂપે પત્રીકાઓ શાળામાં રજુ કરી યોગ્ય માંગ પણ થતી હોય છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

**સૂર્યોદય : ૭.૧૮**
**સૂર્યાસ્ત : ૬.૩૨**

## તાપમાન

**મહત્તમ : ૩૦.૫ ડિ.સે.**
**લઘુત્તમ : ૧૫.૨ ડિ.સે.**

## ભેજનું પ્રમાણ

**સવારે ૬૧ ટકા ● સાંજે ૪૦ ટકા**

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

**: સ્ક્રીન-૧ :**
ષમિતાભ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
**સ્ક્રીન-૨ :**
બેબી : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૩ :**
હમતુમ દુશ્મન દુશ્મન : ૧૧.૩૦, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦, ૯.૩૦

### સિટીપલ્સ

**: સ્ક્રીન-૨ :**
ષમિતાભ : ૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦
બેબી : ૨.૪૦
**: સ્ક્રીન-૩ :**
સેવન્થ સન (અંગ્રેજી) (૩ડી) : ૭.૪૫
બેબી : ૧.૪૫, ૯.૪૫
ષમિતાભ : ૪.૪૫
**સ્ક્રીન-૪ :**
હવાઈજાદા : ૧.૦૦
જય જવાન જય કિસાન : ૪.૦૦
યેન્નાઈ એરીઢલ (તમિલ) : ૭.૦૦
ખામોશીયાં : ૧૦.૦૦, ૧૦.૧૫
**સ્ક્રીન-૫ :**
ષમિતાભ : ૧૦.૦૦, ૬.૩૦
બેબી : ૩.૪૫
ખામોશીયાં : ૧૨.૪૫

### સિનેમેક્સ

**: સ્ક્રીન-૧ :**
ષમિતાભ : ૯.૫૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦
**સ્ક્રીન-૨ :**
ષમિતાભ : ૧૧.૩૦, ૨.૪૦, ૫.૫૦, ૯.૦૦
**સ્ક્રીન-૩ :**
બેબી : ૯.૧૫, ૧૨.૩૦, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫
**સ્ક્રીન-૪ :**
યેન્નાઈ એરીઢલ (તમિલ) : ૧૨.૦૦, ૩.૧૫, ૧૦.૦૦
પી.કે : ૬.૪૫

## આપની આજ

**મેષ** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે.માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

## ચિરવિદાય

- સ્વ. વાઘેલા સેંધાજી બાપુજી (ઉ.વ.૮૫) મુ. લેકાવાડા, તા.જી. ગાંધીનગર
- સ્વ. ભરતભાઈ કાન્તીભાઈ રાવળ (ઉ.વ.૩૨) ઘર નં. ૨૨૮, ઈન્દિરાનગર, સે-૨૪, ગાંધીનગર
- સ્વ. ચંદુભાઈ પથુભાઈ વાઘરી (ઉ.વ.૩૨) સે-૧ ૩ના છાપરાં, બીજ નીગમની બાજુમાં, ગાંધીનગર